| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |

તા.૦૭/૦૧/૨૦૨૦   મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૪૬/૨૦૨૦**

## પાસાના આરોપીની અટકાયતની વિગત

### ગુના નિવારણ શાખાઃ-

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નરશ્રી આશીષ ભાટિયાનાઓએ તા.૬.૧.૨૦૨૦ નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં મિલ્કત સબંધી/શરીર-સબંધી/ પ્રોહીબીશનની ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- અમદાવાદ શહેરના કાગડાપીઠ તેમજ ઈસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા લોકોની સાથે બોલાચાલી ઝઘડો કરી બિભત્સગાળો બોલી ગડદાપાટુનો માર મારી છરી વડે સાહેદને ડાબા તથા જમણા હાથે ઈજા કરનાર ઝનુની અને ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ રાહુલ બાબુભાઈ હરીભાઈ દંતાણી રહેવાસી- મ.ન.ડી/૭ રુમ ન.૧૯૪ ઔડાના મકાન, ચાર માળીયા ગુજકો માર્સલની પાછળ મોની હોટલની પાછળ નારોલ અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | રાહુલ બાબુભાઈ હરીભાઈ દંતાણી રહેવાસી- મ.ન.ડી/૭ રુમ ન.૧૯૪ ઔડાના મકાન, ચાર માળીયા ગુજકો માર્સલની પાછળ મોની હોટલની પાછળ નારોલ અમદાવાદ |

- અમદાવાદ શહેરના વટવા તથા નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમા જનતાના સ્વાસ્થયને હાનિકારક હોવા છતા ભઠ્ઠી ગાળી ગેરકાયદેસરના વગર પાસ પરમીટના દેશી દારુના જથ્થાનુ

પોતાના રહેણાક આસપાસના વિસ્તારમા વેચાણ કરવાના ઈરાદે ઉત્પાદન કરનાર તથા પોતાના સાગરિત મારફતે ક્મોડ ગામ ખાતેથી ગેરકાયદેસરના વગર પાસ પરમીટના દેશી દારુનો જથ્થો મંગાવી/લાવી પોતાના રહેણાક આસપાસના વિસ્તારમા ગેરકાયદેસર દેશી દારુનુ વેચાણ કરનાર બહેન આશાબેન રમેશભાઈ વર્ધાભાઈ ચુનારા રહેવાસી-ગણેશનગર છાપરા, પાવર હાઉસની પાસે પીપળજ પીરાણા રોડ નારોલ અમદાવાદ શહેર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી રાજકોટ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | આશાબેન રમેશભાઈ વર્ધાભાઈ ચુનારા રહેવાસી-ગણેશનગર છાપરા, પાવર હાઉસની પાસે પીપળજ પીરાણા રોડ નારોલ અમદાવાદ શહેર |

- આ ઉપરાંત શરીર સબંધી ગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ અન્ય ૨ ઇસમો મળી **કુલ્લે ૪ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી** તેઓને વડોદરા, ભુજ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.

# નોકર ચોરી કરતા આરોપીની વિગત

## શાહીબાગ પોલીસ સ્ટેશન

## ફક્ત નામ આધારે નોકર ચોરીનો ભેદ ઉકેલતી શાહીબાગ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨, અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'એફ' ડીવીઝન, અમદાવાદ શહેર તથા સિનિ.પો.ઈન્સ.શ્રી એ.કે.પટેલ સા.ની સુચના આધારે શાહીબાગ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૨૦૮/૨૦૧૯ ધી ઇપીકો કલમ-૩૮૧ મુજબની ફરીયાદના કામે ફરીશ્રીના ઘરે ઘરકામ અર્થે દિન-૨ માટે રોકાયેલ આરોપી-રાજ જેના પુરા નામ-સરનામાની ખબર નથી તે તા-૨૫/૧૨/૨૦૧૯ ના કલાક ૨૩/૩૦ થી તા. ૨૬/૧૨/૨૦૧૯ ના કલાક.૦૫/૦૦ વાગ્યાના કોઇપણ સમય દરમ્યાનમાં ફરીશ્રીના ઘરમાંથી DELL તથા HP કંપનીનુ લેપટોપ જે બન્નેની હાલની કિ.રુ.૧૬૦૦૦/- તથા આઇફોન કંપનીનુ આઇપેડ જેની કિ.રૂ.૫૦૦૦/- તથા ત્રણ મોબાઇલ ફોન જેમાં એક સેમસંગ કંપનીનો મોબાઇલ ફોન જેની હાલની કિ.રૂ. ૧૦,૦૦૦/- તથા એક ફોન વન પ્લસ -૬ મોડલનો જેની હાલની કિ.રૂ.૧૨૦૦૦/- તથા એક ઓપો એફ/૯ મોડલનો જેની હાલની કિ.રૂ.૮૦૦૦/- તેમજ એમ.આઇ કંપનીનુ રેડ પાવર બેન્ક જેની કિ.રૂ.૧૦૦૦/- તથા વાયરલેસ સ્પીકર જે.બી.એલ.કંપનીનુ સ્પીકર કિ.રુ.૩૦૦૦/- તથા ઘરના મંદિરમાં ભગવાન શાંતીનાથને ચઢાવેલી એક સોનાની ચેન આશરે ૨૦ ગ્રામની જેની કિ.રુ.૨૦૦૦૦/- તથા એક સુઝુકી એક્સેસ સ્કુટર જેનો આર.ટી.ઓ નં. GJ-01-LV-4199 જેની કિ.રુ.૨૨૦૦૦/- ગણાય જે તમામ ચિજવસ્તુઓની કુલ કિ.રુ.૯૭૦૦૦/-ની ચોરી થયેલ જે ગુનાના કામે તપાસ દરમ્યાન આરોપીનો મોબાઇલ નંબર મળી આવતા જે નંબરના સીડીઆર મંગાવી જેનો અભ્યાસ કરતા જેમાં સીમ નંબર વાપરનાર નામે-રાજુભાઇ વરસંગભાઇ વાઘેલા રહે.રહે.ઠાકોરવાસ, મહાદેવીયા, ડીસા, બનાસકાંઠાનું સરનામુ આવતા સદરી ઇસમને તપાસના કામે અત્રે લાવતા ઇસમ નામે- રાજેશ ઉર્ફે રાજુ સ./ઓ.વરસંગજી ગોબરજી જાતે-ઠાકોર (વાઘેલા) ઉ.વ.૨૪ ધંધો.મજુરી રહે.ગામ.પેપલું તા.લાખણી જી.બનાસકાંઠાનાને સર્વેલન્સ સ્કવોડ પો.સબ.ઇન્સ. તથા સ્ટાફના માણસો દ્વારા વિશ્વાસમા લઇ યુકતી પ્રયુક્તિથી પુછપરછ કરતા સદરી ઇસમે ચોરીમાં ગયેલ ઉપરોકત મુદ્દામાલની કબુલાત કરતા ઉપરોકત મુદ્દમાલ પંચનામા વિગતે કબ્જે લઇ સદરી ઇસમ વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી નામદાર કોર્ટમાં પોલીસ કસ્ટડી રીમાન્ડ માંગતા તા.૦૭/૦૧/૨૦૨૦ ના કલાક.૧૬/૦૦ સુધીના રીમાન્ડ મેળવી સારી કામગીરી કરેલ છે.

આરોપીનું નામ ;- રાજેશ ઉર્ફે રાજુ સ./ઓ.વરસંગજી ગોબરજી જાતે-ઠાકોર (વાઘેલા) ઉ.વ.૨૪ ધંધો.મજુરી રહે.ગામ.પેપલું તા.લાખણી જી.બનાસકાંઠા

આરોપીનો ગુનાહીત ઇતિહાસ ;- સદરી આરોપી અગાઉ નવરંગપુરા તથા ગુજરાત યુનિર્વસીટી પોલીસ સ્ટેશનમાં ઓટો-રીક્ષાની ચોરીમાં પકડાયેલ છે.

મુદ્દામાલ ;- (૧) એક સુઝુકી એક્સેસ સ્કુટર બ્લુ કલરનુ જેનો આર.ટી.ઓ નં. જોતા-GJ- 01- LV-4199

નો લખેલ છે.જેની કિ.રૂ.૨૨૦૦૦/- ગણી શકાય.

(૨) ૧ સેમસંગ કંપનીનો ગોલ્ડન કલરનો મોબાઇલ ફોન જેની હાલની કિ.રૂ.૧૦,૦૦૦/- ગણી શકાય.

(૩) એક ઓપો કંપનીનો બ્લ્યુ કલરનો મોબાઇલ ફોન જેની હાલની કિ.રૂ.૮૦૦૦/- ગણી શકાય.

(૪) એક વન પ્લસ કંપનીનો મોબાઇલ ફોન જેની હાલની કિ.રૂ.૧૨૦૦૦/- ગણી શકાય.

(૫) એક એપ્પલ કંપનીનું સિલ્વર કલરનું આઇપેડ જેની પાછળ એપ્પલનો સિમ્બોલ છે.જેની નીચે model A1893 તથા Serial : F9FYKQ01JF8J લખેલ છે.જેની કિ.રૂ.૫૦૦૦/- ગણી શકાય.

(૬) એક એચ.પી.કંપનીનું સિલ્વર કલરનું લેપટોપ જેના ઉપર અંગ્રેજીમાં hp લખેલ છે.જે લેપટોપની પાછળ prdID 7NH55 PA≠ACJ તથા SN≠ CND9218NV3 made in china લખેલ છે.જેની કિ.રૂ.૮૦૦૦/- ગણી શકાય.

(૭) ૧ડેલ કંપનીનું કાળા કલરનું લેપટોપ જેના ઉપર અંગ્રેજીમાં DELL લખેલ છે.જે લેપટોપની પાછળ model P63F તથા S/N 93MTXN2 made in china લખેલ છે.જેની કિ.રૂ.૮૦૦૦/- ગણી શકાય.

(૮) જે.બી.એલ.કંપનીની લીલા કલરનું સ્પીકર જેના ઉપર JBL તથા SN :TL0293-LH0142467 નો છે.જેની કિ.રૂ.૩૦૦૦/- ગણી શકાય.

(૯) એક પીળા ધાતુની સફેદ મણકા તથા ડાયમંડ પેન્ડલવાળી ચેન મળી આવતા જેની ખરાઇ તથા વજન કરાવતા જેમાં WEIGHT : 14.240mg, GOLD :74.83, KARAT : 17.96, SILVER :2.733, COPPER : 19.24 , ZINK :3.190 નુ લખાઇ આવતા ઉપરોકત સોનાની કિ.રૂ.૨૦,૦૦૦/- ગણી

<u>કામગીરી કરનાર અધિ./કર્મચારી;-</u> સર્વેલન્સ સ્કવૉડ પો.સબ.ઇન્સ.એસ.એ.દેસાઇ તથા અ.મ.સ.ઇ. વસંતલાલ મગનલાલ બ.નં.૫૫૧૩ તથા અ.હે.કો.પ્રદિપસિંહ શિવસિંહ બ.નં.૯૬૬૭ તથા અ.હે.કો.લાલજીભાઇ શિવરામભાઇ બ.નં.૮૯૭૨ તથા અ.પો.કો.રાજદિપકુમાર ચતુરભાઇ બ.નં.૫૭૫૮ તથા અ.પો.કો.સુરેન્દ્રસિંહ દોલતસિંહ બ.નં.૮૮૦૫ તથા અ.પો.કો. ક્રિપાલસિંહ અનવરસિંહ બ.નં.૮૮૨૧ તથા અ.પો.કો.રાજેશકુમાર અંબાલાલ બ.નં.૪૯૬૭ તથા અ.પો.કો.ભુપેંદ્રકુમાર કરશનભાઇ બ.નં.૪૬૧૮ તથા અ.પો.કો. રોહીતસિંહ રણજીતસિંહ બ.નં.૫૬૮૨ તથા અ.પો.કો.જગદીશભાઇ મોહનભાઇ બ.નં.૬૩૩૦



# ચાઇનીઝ દોરીનું વેચાણ કરતા આરોપીની વિગત

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

### ગે.કા.ચાઇનીઝ દોરીનું વેચાણ કરતા ઇસમને પકડી પાડતી કૃષ્ણનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન નાઓએ આગામી ઉત્તરાયણ પર્વના આવનાર તહેવારને લઇને અમદાવાદ શહેર ખાતે મે.પોલીસ કમિશ્નર શ્રી નાઓએ ચાઇનીઝ દોરી,કાચની પાયેલ દોરી વડે પતંગ ચગાવવામાં ઉપયોગ કરવામાં આવતો હોય અને પર્યાવરણને નુકશાન કરતા હોય અને પશુ પક્ષીઓના જાનમાલને હાની પહોચાડતા હોય જેથી આવા ચાઇનીઝ દોરી તેમજ ચાઇનીઝ તુક્કલ વિગેરેનું ચોરી છુપીથી વેચાણ કરનાર ઇસમો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા જાહેરનામુ પ્રસિધ્ધ કરેલ હોય જે અન્વયે ઉપરી કચેરી તરફથી આવા કેશો સોધી કાઢવા સુચના કરેલ હોય જે અનુસંધાને કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ સર્વે.સ્કોર્ડના પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સાથેના સ્ટાફના માણસો તા.૦૬/૦૧/૨૦૨૦ ના રોજ ઉપરોકત કામગીરી સારૂ સાંજના પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન રાતના પા.કેનાલ પાસે આવતા પોલીસ સ્ટાફની સંયુકત બાતમી હકિકત આધારે નવા નરોડા શિવાજી ચોક ખાતે જાહેરમાં નીચે જણાવેલ ઇસમને રોડ ઉપર પાથરણુ કરી પતંગોની આડમાં ચાઇનીઝ બનાવટની દોરીનો જથ્થો કુલ્લે ૧૧-નંગ ગરગડી ટાઇપ જેમાં MONOSKY NINJA તથા WATER PROOF ,NON TOXIC, SHOCK PROOF, NON METALLIC,VIBRANT COLORS લખેલ જે ૧-નંગ ની કિ.રૂ.૩૦૦/-લેખે કુલ્લે ૧૧-નંગ કિ.રૂ.૩,૩૦૦/-નો મુદ્દામાલ ગેરકાદેસર રીતે સંતાડી રાખી કોઇપણ જાતના વેચવા અંગે લાયસન્સ કે પરવાના વગર ગેરકાયદેસર વેચાણ કરતા મળી આવતા સદરી ઇસમને તા.૦૬/૦૧/૨૦૨૦ ના ક,૨૧/૨૦ વાગે પકડી ધી,ઇ.પી.કો.કલમ-૧૮૮ તથા જી.પી.એકટ કલમ-૧૩૧,૧૧૭ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી સારી કામગીરી કરેલ છે તા.૦૭/૦૧/૨૦૨૦

**આરોપીનું નામ** :- વિજયભાઇ સ/ઓ બાબુભાઇ કાનાભાઇ જાતે સાથલપરા ઉ.વ.૨૮ રહે,મ.ન.ઇ/૫૩૮, પા.ટા.શીપ નવા નરોડા કૃષ્ણનગર અમદાવાદ શહેર

**કામગીરી કરનાર અધિકારી/કર્મચારી**

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સંયુકત બાતમી આપનાર લોકરક્ષક વેલાજી હેમાજી બ.નં-૮૨૪ તથા લોકરક્ષક લાલાભાઇ દેવાભાઇ બ.નં-૪૮૩ તથા બીજા એ.એસ.આઇ અશ્વિનકુમાર રામજીભાઇ બ.નં-૯૯ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદન બ.નં-૧૧૮૦૨ તથા વુ.લોકરક્ષક જાગૃતીબેન શંકરભાઇ બ.નં-૨૧૧૯ તથા બીજા સાથેના માણસો



# વોરન્ટમાં નાસતા ફરતા આરોપીની અટકાયત

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

## ભરણ-પોષણ ના જપ્તી વોરન્ટમાં નાસતા ફરતા આરોપીને પકડી પાડતી કૃષ્ણનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન નાઓએ અમદાવાદ શહેર ખાતે મિલકત સબંધી ગુન્હાઓ સોધી કાઢવા તેમજ બનતા ગુન્હાઓ અટકાવવા સારૂ હિસ્ટ્રીશિટર તથા એમ.સી.આર વાળા ઇસમોને અવાર-નવાર ચેક કરવા તથા નાસતા-ફરતા આરોપીઓને પકડી પાડવા અને પ્રોહી બુટલેગરો ઉપર અવાર-નવાર રેઇડો કરવા સુચના કરેલ હોય જે અનુસંધાને કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ સર્વે.સ્કોર્ડના પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સાથેના સ્ટાફના માણસો તા.૦૫/૦૧/૨૦૨૦ ના રોજ ઉપરોકત કામગીરી સારૂ સવારથી પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન અત્રેના કૃષ્ણનગર પો.સ્ટે.ના ફોજદારી પરચુરણ અરજી નં-૨૮૪/૨૦૧૯ થી નીચે જણાવેલ આરોપીને ભાવનગર મે.ફેમીલી કોર્ટના પ્રિન્સીપાલ જજ સાહેબની કોર્ટ નં-૨ નાઓએ તહોમતદારને પકડી ભરણ-પોષણ ની રકમ-૪૮,૦૦૦/- વસુલ કરવા તેમજ ન ભરે તો તા,૨૦/૦૧/૨૦૨૦ સુધીમાં પકડી રજુ કરવા હુકમ કરેલ હોય અને સદરી આરોપી પોતાની અટક ટાડવા સારૂ નાસતો-ફરતો હોય જે જપ્તી વોરંટમાં જણાવેલ આરોપીના રહેણાંક મકાને વોચ કરી તેમજ તેની માહિતી મેળવી બાતમી હકિકત આધારે તપાસ કરી મળી આવતા તા,૦૫/૦૧/ ૨૦૨૦ ના ક,૨૦/૦૦ વાગે પકડી લોકપમાં રાખી કોર્ટ સમય અંદર રજુ કરવા જાપ્તા સાથે ભાવનગર ખાતે મોકલી આપી સારી કામગીરી કરેલ છે તા.૦૬/૦૧/૨૦૨૦

**આરોપીનું નામ** :- કાંતીભાઇ સ/ઓ બેચરભાઇ જાતે પરમાર ઉ.વ.૪૫ રહે,મ.નં-બી/૯, હરિધામ સોસાયટી બાપા સિતારામ ચોક નવા નરોડા કૃષ્ણનગર અમદાવાદ શહેર

**કામગીરી કરનાર અધિકારી/કર્મચારી**

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા એ.એસ.આઇ અશ્વિનકુમાર રામજીભાઇ બ.નં-૯૯ તથા લોકરક્ષક વિક્રમસિંહ મહેન્દ્રસિંહ બ.નં-૧૦૯૫ તથા બીજા સાથેના માણસો

આરોપીનો ફોટો



# ઘરફોડ ચોરીના આરોપીની અટકાયત

## સરદારનગર પોલીસ સ્ટેશન :

## ઘરફોડ ચોરીના ગુનાના આરોપી ને મુદ્દામાલ સાથે ગણતરીના કલાકોમાં પકડી પાડતી સરદારનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સાહેબ શ્રી સેક્ટર-૨ નાઓ તથા નાયબ પોલીસ કમીશ્નરશ્રી ઝોન-૦૪ સાહેબ તથા મદદનીશ પોલીસ.કમીશ્નરશ્રી " જી" ડીવીજન સાહેબ નાઓ તરફથી નાસતા-ફરતા આરોપીઓ પકડવાની તેમજ મિલકત સંબધી ગુન્હાઓ શોધી કાઢવા કરેલ સુચના અનુશંધાને પોલીસ ઇન્સપેકટર સી.આર.જાદવ સરદારનગર પોલીસ સ્ટેશન નાઓની સુચના તથા માર્ગદર્શન આધારે સર્વેલન્સ સ્કોડના આસી.પો.સબ.ઇન્સ ડી.આર.બાગુલ તથા સ્ટાફ ના માણસો સાથે કોમ્બીગ નાઇટમાં પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના આસી.પો.સબ.ઇન્સ ડી.આર.બાગુલ નાઓને ખાનગી બાતમી હકિકત કે " એક ઇસમ જેણે શરીરે બ્લેક તથા લાલ કલરના પટ્ટા વાળી ટી શર્ટ તથા બ્લેક કલરનુ જીન્સ નુ પેન્ટ પહેરેલ છે જે ઘરફોડ ચોરી કરેલ મુદામાલ સાથે કુબેરનગર નહેરૂનગર તરફથી આવી કેવલ કચોરી થઇ કુબેરનગર રાજાવીર સર્કલ તરફ જનાર છે " જે બાતમી હકીકત આધારે વોચમાં રહી સરદારનગર પો.સ્ટે. ફ.ગુ.ર.ન. ૧૧૧૯૧૦૪૦૨૦૦૦૫૦/૨૦૨૦ ઇ.પી.કો.કલમ- ૩૮૦, ૪૫૭ મુજબના ગુન્હાના કામે તારીખ-૦૪/૦૧/૨૦૨૦ ના રાત્રીના સાડા દસેક વાગે થી તારીખ-૦૫/૦૧/૨૦૨૦ ના સવારના આઠેક વાગ્યાના સમયે કુબેરનગર સાબરમતી બજાર રાજેશ દુધ ઘર ની બાજુમાં આવેલ જય અંબે ટ્રેડર્સ નામની દુકાનનુ શટલ તોડી દુકાનમાંથી રોકડા રૂપીયા ની ઘરફોડ ચોરી કરેલ જે ગુનાના કામે આરોપી નંદલાલ ઉર્ફે નંદુ કનૈયાલાલ હીરાનંદ જાતે સેવાણી (સિન્ધી) ઉ.વ. ૩૪ રહે.મ.ન. ૩ જી વોર્ડ શાંતીપ્રકાશ સોસાયટી ગુરૂદ્વારાની પાછળ કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર નાને ચોરી કરેલ સમગ્ર મુદામાલ સાથે કુબેરનગર નહેરૂનગર કેવલ કચોરી પાસેથી મળી આવતાં અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

આરોપી:- નંદલાલ ઉર્ફે નંદુ કનૈયાલાલ હીરાનંદ જાતે સેવાણી (સિન્ધી) ઉ.વ. ૩૪ રહે.મ.ન. ૩ જી વોર્ડ શાંતીપ્રકાશ સોસાયટી ગુરૂદ્વારાની પાછળ કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર

મુદ્દામાલ;- રોકડા રૂપીયા-૨૦,૫૦૦/-

કામગીરી કરનાર અધીકારી / કર્મચારી:- (૧) પોલીસ ઇન્સપેકટર સી.આર.જાદવ (૨) આસી.પોલીસ સબ ઇન્સપેકટર ડી.આર.બાગુલ (૩) અ.હે.કો. અરવિન્દસિહ રાયસિહ બ.નં.૮૩૮૧ (૪) અ.પો.કો. સંજયકુમાર બાબુભાઇ બ ન ૪૪૩૧ (૫) અ.પો.કો. કલ્પેશકુમાર વાલજીભાઇ બ.ન. ૧૦૧૪૦ (૬) લોકરક્ષક ચેતનકુમાર હાજાભાઇ બ ન ૧૨૮૬૩ (૭) અ.લોકરક્ષક સંજયકુમાર જગદીશભાઇ બ ન ૧૧૫૦૧ (૮) લોકરક્ષક પ્રજ્ઞેશકુમાર પોપટલાલ બ.ન.૫૯૫ વિગેરે.



## SHAHIBAUG POLICE HEAD QUARTER LINE BOYS

### CONGRATULATIONS FROM ALL POLICE TEAM

We are champion in Golden Baby League Gandhinagar U-11 category. We Played 24 games and we won 20 games we Draw 2 games and we lost only 2 games in one is walk over.




